

# અનુપમની હે અમૃતધારા...!


~ સદ્‌ગુરુ સંત પરમ પૂજ્ય અશ્વિનદાદા

'શ્રીમદ્ ભગવદ્ ગીતા' પારાયણ,

અનુપમ મિશન, ઉપાસનાધામ, અમદાવાદ,

૨૮ જાન્યુઆરી, ૨૦૧૮


**નવમો** અધ્યાય છે : 'રાજવિદ્યા રાજગુહ્ય યોગ'. ગુહ્ય એટલે ગૂઢ રહસ્ય. આ અધ્યાયમાં ભગવાને બહુ છૂપી અને ગૂઢ રહસ્યની વાત કહી છે, રાજવિદ્યા શિખવાડી છે. સંપ્રદાયની ભાષામાં ભગવાન સુધી પહોંચવાનો જે ઍક્સપ્રેસ વૅ છે એને રાજમાર્ગ કહેવાય છે. 'શ્રીમદ્ ભગવદ્ ગીતા'નાં આ બે-ત્રણ પ્રકરણ એવાં છે કે, જેમાં અર્જુનની જિજ્ઞાસાની પરિપૂર્તિ માટે ભગવાન પોતે કરુણા કરીને પોતાનાં વચનો ઉચ્ચારે છે. એટલે અહીંયાં અર્જુન પૂછતા નથી, પણ આ નવમા અધ્યાયની શરૂઆત ભગવદ્ વચનથી થાય છે.

અંધકાર અને પ્રકાશ, એ બે માર્ગ સમજાવ્યા પછી ભગવાન સૌથી પહેલામાં પહેલી ગુહ્ય વાત કે જે સદીઓ સુધી આપણી નજરમાં આવી નહીં - એ વાત ભગવાને સદીઓ પહેલાં કહેલી છે કે, *'દોષ દૃષ્ટિ કે અદેખાઈ વગરના તને હું હવે તને આ અત્યંત ગુહ્ય અનુભવેલા જ્ઞાન વિશે કહીશ...'*

*'દોષ દૃષ્ટિ, અને અદેખાઈ વગરના...'* પ્રકાશને માર્ગે જે ચાલ્યો છે તેની બેઝિક ક્વૉલિટી એ કે, એને દોષદૃષ્ટિ નથી. એટલે સાહેબદાદાએ આપણને સુહૃદભાવનો મંત્ર શિખવાડતાં એક સૂત્ર આપ્યું, 'નવ્વાણું અવગુણને પડતા મૂકીને એક ગુણને ગ્રહણ કરવો એ સુહૃદભાવ છે.' એ પ્રકાશનો માર્ગ છે.

અને ભાઈ, કોણ સર્વગુણ સંપન્ન છે ? કોઈ સર્વગુણસંપન્ન નથી. પુરુષોમાં ઉત્તમ એવા પુરુષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણને સર્વગુણસંપન્ન કહેવામાં આવ્યા છે, એ સિવાયના બાકી બધા દોષયુક્ત છે. અને નિર્દોષ થવા માટે એ નિર્દોષ સ્વરૂપની સાથે જોડાય છે. એટલે ભગવાન શ્રી સ્વામિનારાયણે પણ આશીર્વાદ આપીને કહ્યું કે, 'તમે અમને નિર્દોષ માનશો, નિષ્કામી માનશો, નિઃસ્વાદી માનશો, નિર્લોભી માનશો, નિઃસ્નેહી માનશો, તો અમે પણ તમને તેવા બનાવી દઈશું'. આ ભગવાનનું વરદાન છે, ભગવદ્ વચન છે. 'વચનામૃત'માં લખાયું છે, છપાયું છે માટે સત્ય છે.

*'દોષ દૃષ્ટિ કે અદેખાઈ વગરના તને હું હવે તને આ અત્યંત ગુહ્ય અનુભવેલા જ્ઞાન વિશે કહીશ, જે જાણીને તું દુઃખરૂપી સંસારના બંધનથી મુક્ત થઈ જઈશ.'* 'અનુભવેલા' - ભગવાને અનુભવેલું જ્ઞાન છે, જે જ્ઞાન છે તે જિજ્ઞાસુ અર્જુનને કહે છે. અને અર્જુન પણ કેવો છે ? તો દોષદૃષ્ટિ વગરનો અને અદેખાઈ વગરનો છે. ભગવાને તેને રાજવિદ્યા શિખવાડતા કેવા રૂડા આશીર્વાદ આપ્યા !

*'આ આખું જગત મારી અવ્યક્ત મૂર્તિ દ્વારા વ્યાપિત છે, સર્વ ભૂતપ્રાણી મારા આધારે છે, પણ હું એમના આધારે નથી.'* આપણે બધા ભગવાન વતે છીએ, આપણા વતે ભગવાન નથી. સાહેબદાદાએ તો સેવકોને ત્યાં સુધી કહ્યું છે કે, 'તમે નહીં કરો તો ભગવાનનું કામ અટકી પડવાનું નથી. ભગવાન ગમે તેને નિમિત્ત બનાવીને આ ભગવદ્ કાર્યમાં જોડશે. મને જોડ્યો એ મારું સદ્‌ભાગ્ય છે, મારું અહોભાગ્ય છે, મારા ઉપર મારા ગુરુની કૃપા છે કે, મને મારા ભાગ્યે આ સેવા મળી !' એટલે ભગવાન અહીં કહે છે કે, 'તમે બધા મારા આધારે છો, હું તમારા આધારે નથી.' અને તોય આપણે એમ સમજીએ છીએ કે, આ બધું આપણા કારણે છે, આપણે લીધે છે, મેં કર્યું છે, મારે લીધે છે.

'નિષ્કામ કર્મયોગ'ના પ્રકરણમાં ભગવાને આ વાત પણ સમજાવી કે, 'કર્તાપણાના ભાવથી ઉપર ઊઠીને, મારું યંત્ર બનીને, ફળની આશા વગર કામ

કરતાં શીખ.' તોય આપણે કહીએ છીએ કે, 'આ મંદિર અમે બનાવ્યું ! આ મૂર્તિ અમે પધરાવી, ભગવાનને અમે બેસાડ્યા અને હવે યજમાન સ્વરૂપે પાટોત્સવની પૂજા પણ અમે કરીશું.'

*'છતાં ભૂતપ્રાણીઓ મને ભૂલી જાય છે. મારું યોગબળ જો. હું ભૂતોનું ભરણપોષણ કરવાવાળો હોવા છતાં...''*ભૂતો' એટલે પેલા વળગે છે એ ભૂતો નહીં. ભૂતપ્રાણી માત્ર એટલે જીવપ્રાણી માત્ર ! ભૂતળ ઉપર એટલે કે, આ પૃથ્વી પર પંચભૂતમાંથી જે પેદા થયું છે એને અહીંયાં ભગવાન 'ભૂતો' કહે છે. આમ જોઈએ તો આપણે બધાં ધૂણતાં ભૂતો જ છીએ અને એને બાકરા ધરીએ તો જ એ શાંત થાય છે.

અહીંયાં ભગવાન એમ કહે છે કે, *'છતાં ભૂતપ્રાણીઓ મને ભૂલી જાય છે. મારું યોગબળ જો, હું ભૂતોનું ભરણપોષણ કરવાવાળો હોવા છતાં હું ભૂતોમાં મોહિત નથી. આમ છતાં મારો આત્મા ભૂતોને ઉત્પન્ન કરે છે.'* કોઈનો દીધેલો રોટલો આપણે ખાઈએ, તો એનો આપણે ઉપકાર માનવો પડે. આપણે બધા ભગવાનનો દીધેલો રોટલો ખાઈએ છીએ. ગુણાતીતાનંદસ્વામીએ તો ત્યાં સુધી લખ્યું કે, 'આપણા પ્રારબ્ધમાં તો રામપાતર લઈ ભીખ માંગી ખાવાનું લખેલું હતું. પણ ભગવાનની કૃપાથી નિરાંતે બે ટંકના રોટલા ખાવા મળે છે; તો એમને અન્નદાતા જેટલા તો માનો!' – કે તારું દીધેલું ખાઉં છું.

ભગવાને કહેવામાં કશું બાકી રાખ્યું નથી. આટલું સ્પષ્ટ રીતે એમ કહે છે કે, આ ભૂતપ્રાણીઓ મને ભૂલી જાય છે અને એમનું ભરણપોષણ કરવાવાળો હું હોવા છતાંય પણ એમ માને છે કે, 'મેં કર્યું', 'મેં કર્યું'.

*'સર્વ ભૂતોના મહાન ઈશ્વરરૂપી મારા પરમ સ્વરૂપને ન જાણતા આ મૂઢલોકો, મનુષ્ય સ્વરૂપ ધારણ કરનાર મને, કૃષ્ણને સામાન્ય મનુષ્ય માનીને મારી અવગણના કરે છે.'*

અરેરે આવું લખવું પડ્યું ! શું કહે છે ? સર્વ ભૂતોના મહાન ઈશ્વરરૂપી મારા પરમ સ્વરૂપને ના જાણતા આ મૂઢ લોકો, મૂઢ મતિ ! શંકરાચાર્યે પણ એમનું કાવ્ય લખ્યું છે એમાં 'મૂઢ'ની ઉપમા આપી છે. અને બ્રહ્માનંદ સ્વામીએ પણ લખ્યું છે કે, 'સમજ નર મૂઢ અજ્ઞાની'. મૂઢ – અજ્ઞાની તું સમજ, જાગ.'

સર્વનું પાલન કરનારો, સર્વનું સર્જન કરનારો, સર્વને વિસર્જિત કરનારો હું, મને સામાન્ય મનુષ્ય માની મારી અવગણના કરે છે.

ભગવાન શ્રીકૃષ્ણના જન્મથી એમના દેહ વિસર્જન સુધીની કથા સાહેબદાદા જ્યારે ટૂંકમાં વર્ણવે ત્યારે એક લીટીમાં એમ કહે છે કે, 'ભગવાનને જંપીને કોઈએ બેસવા દીધા નથી.' ભગવાન શ્રીકૃષ્ણનો જન્મ થયો ત્યારથી માની ગોદ ત્યજીને ગોકુળ-વૃંદાવન જવું પડ્યું. ત્યાંથી મથુરા છોડીને ક્યાં ક્યાં ભટકતા ભટકતા ભગવાન, કેટલી અવગણનાને સહન કરતા કરતા એમને જંપ જ વળ્યો નથી. કારણ કે એમના સ્વરૂપને સમજી શક્યા નહીં, એનો સ્વીકાર કરી શક્યા નહીં. અરે, જેણે ભગવાનને વરવા માટે દેહ ધર્યો હતો તેવી પટરાણી પણ તેમના ધર્મકાર્યમાં શંકા કરે છે તો પછી બીજા કરે એમાં નવાઈ શી ? એટલે ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કે, 'મેં મનુષ્ય શરીર ધર્યું છે એટલે મારી અવગણના કરે છે.' અને આ જ કારણને લીધે એ અર્જુનને પોતાના વિરાટ સ્વરૂપનું દર્શન કરાવે છે કે સઘળું મારામાં સમાઈ ગયું છે.

*"નિત્ય મારું જ સ્મરણ કરવાવાળા, પ્રયત્નશીલ અને દૃઢવ્રતધારી ભક્તો સતત મારી કીર્તિ ગાય છે.''*'કીર્તન' – ભગવાનનાં કીર્તન જે આપણે ગાઈએ છીએ તે ભગવાનની વાહવાહ કરીએ છીએ. કીર્તિ – એનાં યશોગાનનું જે વર્ણન છે, એની મૂર્તિનું જે વર્ણન છે, એના ગુણોનું જે વર્ણન છે, એ જે કીર્તિ છે એના પરથી શબ્દ બન્યો–'કીર્તન'. અને 'કીર્તનભક્તિ મને બહુ ગમે' એ યોગીજી મહારાજના ઉદ્‌ગારો છે. ભગવાનનું કીર્તન, પોતાનું નહીં. મોટે ભાગે દરેક વ્યક્તિ પોતે શું કર્યું એ કહેવા માટે ખૂબ તત્પર હોય છે.

*'નિત્ય મારું જ સ્મરણ કરવાવાળા પ્રયત્નશીલ અને દૃઢ વ્રતધારી ભક્તો સતત મારી કીર્તિ ગાય છે અને મને નમસ્કાર કરીને ભક્તિભાવથી મારી જ ઉપાસના કરે છે.''*ભક્તિભાવથી મારી ઉપાસના કરવી' એનો અર્થ થાય છે કે, હું આપનો દાસ છું, આપનો સેવક છું, આપનો શિષ્ય છું, આપનો અનુયાયી છું. આપનું વચન મારા સર-આંખો ઉપર છે. 'કરિષ્યે વચનમ્ તવ' એ આ સર-આંખો પર ! ગુરુનું વચન, પ્રભુનું વચન 'સર-આંખો' ઉપર ચઢાવવું એનો અર્થ એમ છે કે, મને મારી માયિક બુદ્ધિથી જે દેખાય છે અને મારી માયિક બુદ્ધિથી હું જેની ગણતરી મૂકું છું એ સઘળું ખોટું છે. અને તમે જે કહો છો તે જ સાચું છે. 'સર-આંખો પર' એટલે બુદ્ધિ અને દૃષ્ટિ ! કારણ કે આપણે જે જોઈએ છીએ તેને બુદ્ધિથી મૂલવીએ છીએ, અને તે પ્રમાણેનો અભિપ્રાય આપીએ છીએ, ભગવાનની વાત સાંભળતા નથી.

'જે નિત્ય મારું સ્મરણ કરવાવાળા છે, પ્રયત્નશીલ છે...', 'પ્રયત્નશીલ' – કારણ કે ભૂલી જવાય છે એટલે સતત પ્રયત્ન કરતા રહેવું પડે. પાણીનો સ્વભાવ જેમ ઢાળ હોય એમ એ ઢળી જાય એટલે કે નીચાણ તરફ વહી જાય. આપણી શરીર રચનામાં હાડકાં છે, માંસપેશીઓ છે, જે છે એમાં પાણીનો હિસ્સો વિશેષ છે – આપણા શરીરમાં મહદ્ અંશ પાણીનો છે. અને પાણીને કારણે આપણી પ્રકૃતિ પણ એવી બની ગઈ છે કે નીચી અને હલકી વાત આપણે ઝટ પકડી લઈએ છીએ. ઊંચી અને ઊર્ધ્વગતિને પમાડે એવી ઊંચી વાત પકડવા માટે પ્રયત્ન કરવો પડે છે. અને એટલે ભગવાને કહ્યું, 'પ્રયત્નશીલ રહો – ઊંચી વાત પકડવા માટે પ્રયત્નશીલ રહો.' કારણ, તમારો સ્વભાવ નીચાણ તરફ ઢળી જવાનો, ઢાળ પ્રમાણે ઢળી પડવાનો છે.

'નિમ્નપ્રકૃતિ' અને 'ઊર્ધ્વ પ્રકૃતિ' આ શબ્દો શાસ્ત્રમાં વપરાયો છે. 'નિમ્ન પ્રકૃતિ' એટલે હલકી અને નીચી કોટિની વાત. તમે જુઓ, ભાઈબંધ-દોસ્તારોના કુસંગથી ખોટી અને અહિત કરનારી વાતો આપણે ઝટ માની લઈએ છીએ, ઝટ શીખી જઈએ છીએ. પણ સંતોની વાણી જે ઊર્ધ્વગતિ કરાવે છે તે વાણીને પચાવવી, કબૂલ કરવી, માનવી અને આચરણમાં મૂકવી અઘરી પડે છે; એટલે એના માટે પ્રયત્નશીલ રહેવું પડે. ભગવાન કેટલા સુંદર શબ્દો વાપરે છે! આપણી મર્યાદાઓ તેઓ સમજે છે, એટલે કહે છે કે, મારું સ્મરણ કરો, પ્રયત્ન કર્યા કરો અને દૃઢ વ્રતધારી બનો. જે વ્રત લીધું છે એનું દૃઢતાપૂર્વક પાલન કરો. અને એવા જે ભક્તો છે એ સતત મારી કીર્તિનું ગાન કર્યા કરે છે અને મને નમસ્કાર કરીને ભક્તિભાવથી મારી જ ઉપાસના કરે છે.

ઉપાસના એટલે 'હું તારો દાસ છું.' ઉપ-આસન એટલે એમની બાજુમાં, એમની નજદીકમાં આસન પ્રાપ્ત કરવું, એમના ધામમાં, એમના લોકમાં એમની સમીપે જઈને બિરાજમાન થવું એટલા ઊંચા અર્થને બદલે એનો રાજીપો પ્રાપ્ત કરવો, એની માળાના મણકામાં આવી જવું; આ છે આપણા સંપ્રદાયમાં જે શબ્દ વપરાય છે એ ઉપાસના!

એ ઉપાસના પદ્ધતિમાં ભગવાને અહીંયાં નવમા અધ્યાયમાં દ્વૈત અને અદ્વૈત સિદ્ધાંતની વાત પણ અર્જુનને સમજાવીને એમ કહ્યું છે કે, *'યજ્ઞનો સંકલ્પ હું છું, યજ્ઞ હું છું, પિતૃ હું છું, વનસ્પતિ માત્ર હું છું, મંત્ર હું છું, આહુતિ હું છું, અગ્નિ અને હવનની ક્રિયા પણ હું જ છું. આ જગતનો પિતા અને માતા હું છું, વળી, પોષણ કરનાર અને પિતામહ પણ હું છું. જાણવા જેવો પવિત્ર ઓમ્‌કાર, ઋગ્વેદ, સામવેદ તથા યજુર્વેદ પણ હું જ છું એમ જાણ. બધાંનું અંતિમ સ્થાન, ભરણપોષણ કરનાર, પ્રભુ, દૃષ્ટા, નિવાસ, શરણ લેવા યોગ્ય, હિત કરનાર, ઉત્પન્ન કરનાર, પ્રલય, સ્થાન, નિધાન અને વળી અવિનાશી બીજ પણ હું જ છું. તડકો હું આપું છું, વરસાદને હું જ રોકી રાખું છું કે પડવા દઉં છું. અમૃત અને મૃત્યુ, સત્ અને અસત્ પણ હે અર્જુન! હું જ છું.'* ભગવાને કેટલી બધી ઑથેન્ટિસિટી સાથે પોતાના સ્વરૂપને ઓળખાવાના વાક્યપ્રયોગ અહીંયાં કર્યા છે.

*'જે નિષ્કામ ભક્તો મને ભક્તિભાવથી પાંદડું, ફૂલ, ફળ કે પાણી અર્પણ કરે છે, એ બધું પ્રેમભાવથી અર્પણ કરેલું હોવાથી હું સ્વીકારું છું.'* ભાઈ! આ આપણાથી થઈ શકે તેવી બાબત છે. *'પત્રં પુષ્પં ફલં તોયં યઃ મે ભક્ત્યા પ્રયચ્છતિ.'* સંસારમાં જેને ચીજ, વસ્તુ, પદાર્થ અને પુષ્ટિમાર્ગમાં ભગવાનને સમર્પિત કરવાની જે વસ્તુઓ પાંદડું, ફૂલ, ફળ, પાણી - તેને 'સામગ્રી' કહેવામાં આવે છે. સ્વામિનારાયણ ભગવાને 'શિક્ષાપત્રી'માં સમજાવ્યું કે, 'દેવમંદિરે જઈએ તો ખાલી હાથે ના જઈએ.' ભગવાનને અર્પણ કરવા માટે પત્ર, ફૂલ, ફળ કંઈ પણ લઈને જઈએ.

જેણે બધું બનાવ્યું, જેણે બધું આપ્યું, એને આપવા માટે કશુંક આપણે લઈને આવ્યા તો પ્રભુ એને પ્રેમથી સ્વીકારે છે. અને એટલે ઘણા જ્ઞાની પુરુષો એમ કહે છે કે, 'તારું દીધેલું છે અને તને અર્પણ કરીએ છીએ.' એટલે મેં કર્યું એવો કર્તાપણાનો ભાવ આવતો નથી.

*'હે કૌન્તેય! તું જે કાંઈ કરે, તું જે કાંઈ ખાય, જે કાંઈ હવન કરે, દાન કરે કે તપ કરે તે બધું મને અર્પણ કર.'*

*'બધાં જ ભૂતો વિશે હું સમાન છું. નથી મને કોઈ અપ્રિય કે નથી પ્રિય, પરંતુ મને જે લોકો ભક્તિભાવથી ભજે છે, તેઓ મારામાં છે અને હું પણ તેમનામાં છું.'* આ આખી સૃષ્ટિ ભગવાનની છે અને ભગવાને જ સર્જેલી છે તેથી એમને મન કોઈ પ્રિય કે અપ્રિય નથી.

*'અતિ દુરાચારી પણ જો હવે પછી મારી અનન્યભાવથી ભક્તિ કરશે તો એને સાધુ જ માનવો, કારણ કે એણે સાચો નિશ્ચય કર્યો છે.'* આ મેં મારું જ્ઞાન અને સ્વરૂપ સમજાવ્યું. એ સમજ્યા પછી, અત્યાર સુધી ભલે ગમે તે કર્યું હોય પણ હવે પછી મારી અનન્ય ભક્તિ કરશે તો એને સાધુ જ માનવો. એટલે આપણે કોઈ પણ વ્યક્તિનો ભૂતકાળ ભૂલી જવાનો છે.

*તુરત જ એ ધર્માત્મા બને છે અને કાયમની શાંતિ પામે છે. હે કૌંતેય! તું નક્કી જાણજે કે મારા ભક્તનો નાશ થતો નથી.'* ન મે ભક્તઃ પ્રણશ્યતિ. ભગવાનનું વરદાન-વચન અહીંયાં કહે છે. એટલે એ પહેલાં કેવા હતા તે જોવાનું નહિ. ગઈ કાલે પુરુષોત્તમદાસ કાછિયાનું દૃષ્ટાંત આપ્યું હતું. તેઓ કેવી ખાખી બીડી પીતા હતા ને યોગીબાપાએ કેટલી વખત જળ આપ્યું એ સંભારવાનું નહીં, પણ વર્તમાનકાળે એમની બીડી છૂટી ગઈ અને એમનો સંસાર પણ છૂટી ગયો! એ જોવાનું. ભગવાને કહ્યું કે, 'હવે પછી જે આવા અનન્યભાવથી ભક્તિ કરશે' - આ વચન મને-તમને અત્યારે હાજર વર્તમાનકાળમાં લાગુ પડે છે. એટલે ગઈ કાલ સુધી, આ ઘડી પહેલાં જે કંઈ પણ થયું તેને ભૂલી જઈએ અને પછી વીર વ્રતધારી બનીને જે ભક્તિ કરવાનું નક્કી કરે છે તો એને સાધુ જ માનવો કારણ કે, એનો નિશ્ચય સાચો છે.

*'તુર્ત જ એ ધર્માત્મા બને છે અને કાયમની શાંતિ પામે છે, હે કૌંતેય તું નક્કી જાણજે કે એવો જે ભક્ત છે એનો કદી નાશ થતો નથી. મનથી મારો જ ભક્ત થા, મારું જ પૂજન કર, મને જ નમસ્કાર કર, આમ તું પોતે મારા પરાયણ થઈ મારી સાથે જોડાયેલો હોવાથી મને જ પામશે.'*

મારામય થા અને મને પામ. મનથી મારો ભક્ત થા. ભગવાને વારંવાર આ શબ્દપ્રયોગ કર્યો છે. મનથી આપણે ભક્ત થવાનું છે. પરમ ધામને, પરમ ગતિને પામવાના ભગવાને આશીર્વાદ આપીને નવમો અધ્યાય અહીં પૂર્ણ થાય છે. ◆